# ડીસીએમ શ્રીરામનો ચોખ્ખો નફો સામાન્ય સુધરીને ₹221 કરોડ નોંધાયો

**નવી દિલ્હી:** કેમિકલ્સ, સુગર, બિયારણ અને ખાતર બિઝનેસ સાથે સંકળાયેલી કંપની, ડીસીએમ શ્રીરામે મંગળવારે ૩૦ જૂન, ૨૦૧૯ના રોજ પુરા થયેલાં ત્રિમાસિક ગાળા માટે સામાન્ય સુધારા સાથે ₹૨૨૧.૦૭ કરોડનો સંગઠિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ એક વર્ષ અગાઉ સમાન ત્રિમાસિક ગાળા માટે ₹૨૧૮.૩૪ કરોડનો સંગઠિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઈ ફાઈલિંગમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા માટે કંપનીની કુલ આવક ઘટીને ₹૧૯૨૬.૯૦ કરોડ નોંધાઈ હતી જે એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે ₹૨૦૭૭.૬૬ કરોડ હતી. દરમિયાન મંગળવારે બીએસઈ પર કંપનીનો શેર ૨.૩૭ ટકા ગગડીને ₹૪૮૨.૨૦ બંધ નોંધાયો હતો.